
# શિક્ષણ સાગર એપ્લીકેશન દ્વારા સંપાદિત

# પત્રક A ના નિષ્પત્તિ આધારિત પ્રશ્નો



## ધોરણ – ૮




# ગુજરાતી

## સત્ર – ૨









વર્ગ શિક્ષકશ્રીનું નામ : ................................................

વર્ગ : ..............

શાળાનું નામ : ....................................................

તાલુકો : ........................... જિલ્લો : ................................

**ધોરણ ૧ થી ૮ ની અધ્યયન નિષ્પત્તિ અને પાઠ આયોજન મેળવવા માટે ગુગલ પ્લે સ્ટોર પરથી શિક્ષણ સાગર એપ ડાઉનલોડ કરો.**

શિક્ષણ સાગર

# પ્રાસ્તાવિક

## સંરચનાત્મક કે વિકાસાત્મક મૂલ્યાંકન

વિદ્યાર્થીઓની સિદ્ધિનું સ્તર જાણવા અને વિદ્યાર્થીઓની સિદ્ધિ પરથી નિદાન કરવા સંરચનાત્મક મૂલ્યાંકનનો ઉપયોગ થાય છે. વર્ગશિક્ષણ સાથે મૂળભૂત રીતે સંકળાયેલ આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીને માહિતી અપાયા બાદ, માહિતી વિતરણના કોઈ ચોક્કસ તબક્કે એટલે કે વિષયવસ્તુના કોઈ એક નિશ્ચિત એકમના શિક્ષણ બાદ કરી શકાય. આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડે છે અને શિક્ષકો માટે અધ્યાપન અભિગમ સુધારવાની દિશા સ્પષ્ટ કરે છે. આ પ્રકારનું મૂલ્યાંકન અધ્યયન - અધ્યાપન પ્રક્રિયાના અંતર્ગત ભાગ તરીકે સ્વીકારાયેલ છે, મૂળભૂત રીતે વર્ગીશિક્ષણ સાથે સંકળાયેલ છે.

એકમ કસોટીઓ, શિક્ષક નિર્મિત અનૌપચારિક કસોટીઓ, સ્વાધ્યાયો, વિદ્યાર્થીની કચાશ પારખતી નિદાન કસોટીઓ વગેરે દ્વારા સંરચનાત્મક મૂલ્યાંકન હાથ ધરી શકાય. ટૂંકમાં કહીએ તો સંરચનાત્મક મૂલ્યાંકન વિષયવસ્તુની ચોક્કસ બાબતોના સંદર્ભમાં વિદ્યાર્થીઓનું પ્રવર્તમાન સિદ્ધિ સ્તર જાણવા માટે હાથ ધરાય છે. સંરચનાત્મક મૂલ્યાંકન એ સતત અને સર્વગ્રાહી રીતે ચાલતી અધ્યયન માટેના મૂલ્યાંકનની પ્રક્રિયા છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે યોજના તૈયાર કરતાં વિદ્યાર્થીઓના વિકાસના વિવિધ પાસાંને ધ્યાનમાં રાખી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજનાને નીચેના જેવા ચાર વિભાગમાં વહેંચી શકાય:

(1) બૌદ્ધિક બાબતોના અભ્યાસના વિષયોનું મૂલ્યાંકન

(2) શારીરિક ક્ષમતા, સ્વાસ્થ્ય અને ઉત્પાદક કૌશલ્યોનું મૂલ્યાંકન

(3) સામાજિક ગુણો, શક્તિઓ અને સમજનું મૂલ્યાંકન

(4) વિવિધપ્રકારનાં મૂલ્યો, વલણો, અભિરુચિઓ, પસંદગીઓ અને દષ્ટિકોણનું મૂલ્યાંકન

ઉપરોક્ત વિભાગોને ધ્યાનમાં રાખી ક્યા વિભાગનું મૂલ્યાંકન કોણ કરશે, કઈ રીતે કરશે. વગેરે બાબતો શાળાના સમગ્ર શિક્ષકોની સક્રિય મદદ લઈ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજના તૈયાર કરવી જોઈએ. આ યોજના અમલમાં મૂક્યા પછી તેમાં જણાઈ આવતી ઉણપો સુધારી દર વર્ષે સુધારા- વધારા સાથેની યોજના અપનાવવી જોઈએ.

## સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન @ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સિદસર – ભાવનગર. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન સંદર્ભે તાલીમમાં વારંવાર કેટલાંક પ્રશ્નો પુછવામાં આવતાં હોય છે તે બાબતે અહીં કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

પ્રશ્ન : નવી અધ્યયન નિષ્પત્તિઓ જીસીઈઆરટી દ્વારા આપવામાં આવી છે તે કઇ રીતે ઉપયોગમાં લેવી ?

**જવાબ** : નવા પાઠ્યપુસ્તક સાથે તેમની અધ્યયન નિષ્પત્તિઓ પણ જીસીઈઆરટી દ્વારા તેમની વેબસાઈટ www.gcert.gujarat.gov.in પર મુકવામાં આવી છે . યાદ રાખીએ કે આ અધ્યયન નિષ્પત્તિઓ આદર્શ રીતે આપેલાં વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે . આ અધ્યયન નિષ્પત્તિઓમાં મુખ્ય નિષ્પત્તિ અને જરૂર મુજબ તેની પેટા અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે . સાથે જ જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યયન - અધ્યાપન માટેની પ્રવૃત્તિ પણ આપવામાં આવી છે . જ્યારે પણ આપણે વિદ્યાર્થીને અધ્યયન - અધ્યાપનનાં અનુભવ પુરા પાડીએ તેમાં આ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રશ્ન : પત્રક - A માટે અધ્યયન નિષ્પત્તિઓ કેવી રીતે પસંદ કરવી અને ક્યારે કરવી ?

જવાબ : પત્રક - A જેને આપણે રચનાત્મક મૂલ્યાંકન તરીકે ઓળખીએ છીએ . આ ★અનૌપચારિક★ મૂલ્યાંકન સ્વરૂપનાં માળખામાં સમાવિષ્ટ છે . જ્યારે અધ્યયન - અધ્યાપનની પ્રક્રિયા ચાલતી હોય તે દરમિયાન ★અનૌપચારિક★ રીતે ★જ★ જે અધ્યયન નિષ્પત્તિઓ ચકાસી શકાય તેમ હોય તેવી અધ્યયન નિષ્પત્તિઓને રચનાત્મક મૂલ્યાંકન માટે પસંદ કરી શકાય . આ અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી અને મૂલ્યાંકન શિક્ષકની વિશિષ્ટ આવડત માંગી લે તેવું કામ છે . આ માટેની અધ્યયન નિષ્પત્તિઓ શિક્ષકે અગાઉથી જ સત્રારંભે નક્કી કરી લેવી જોઇએ જેથી જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યાપન કાર્ય વખતે મૂલ્યાંકનનું આગોતરૂં આયોજન થઈ શકે અને સાતત્યતાપૂર્ણ મૂલ્યાંકન થઇ શકે .

પ્રશ્ન : જીસીઈઆરટી દ્વારા આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિની યાદીમાં ૨૦ કરતાં વધારે અધ્યયન નિષ્પત્તિઓ આપવામાં આવી છે તો અધ્યયન નિષ્પત્તિઓ કેમ લેવી ?

જવાબ : જીસીઈઆરટી દ્વારા જે અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે તે અધ્યયન - અધ્યાપન માટેની યાદી છે . જ્યારે આપણે મહત્તમ ૨૦ અધ્યયન નિષ્પત્તિ લેવાની વાત કરીએ છીએ ત્યારે ધ્યાન રાખીએ કે આપણે અનૌપચારિક મૂલ્યાંકન પત્રક- A ની વાત કરીએ છીએ . અનૌપચારિક રીતે મૂલ્યાંકન થઈ શકે તેવી મહત્તમ ૨૦ પ્રતિનિધિરૂપ ક્ષમતા જ પત્રક -A માટે લેવાની છે .

પ્રશ્ન : એકમ કસોટીમાં આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિઓનાં આધારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માં મૂલ્યાંકન નોંધ કરી શકાય ?

જવાબ : એકમ કસોટી નિશ્ચિત માળખામાં લેવામાં આવે છે . અને તે લેખિત પ્રકારની એટલે ઔપચારિક પ્રકારની કસોટી છે જ્યારે રચનાત્મક પત્રકમાં અનૌપચારિક મૂલ્યાંકનની વાત છે . એકમ કસોટી જે - તે એકમ અથવા એકમોનાં અંતે લેવામાં આવે છે જ્યારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A સતત થતાં મૂલ્યાંકનનો ભાગ છે જે અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા દરમિયાન થાય છે

પ્રશ્ન - રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માટે જો મૌખિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હોય તો તેનો આધાર કેવી રીતે રાખવો ?

અથવા પત્રક- A ના મૂલ્યાંકનનાં આધાર કેવી રીતે રાખવાં ?

જવાબ: અગાઉ એક પ્રશ્નના જવાબમાં વાત થઇ . રચનાત્મક મૂલ્યાંકનમાં એવી અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી કરવામાં આવે છે જેનું મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવામાં આવતું હોય આ પ્રકારનાં મૂલ્યાંકન માટે શિક્ષકે આગોતરૂં આયોજન કરવું પડે તે પણ આપણે જાણ્યું . હવે વાત કરીએ આધારોની તો તમે જે - તે અધ્યયન નિષ્પત્તિ પત્રક - A માટે લીધી હોય તે માટે મૂલ્યાંકન પદ્ધતિનું આગોતરૂં આયોજન તો કર્યું જ હોય છે . આ આયોજન પણ તમારો આધાર બની શકે.

દૈનિકબુકમાં પણ મૂલ્યાંકન નોંધમાં તમે તે નોંધ્યું હશે . તમે રચનાત્મક મૂલ્યાંકન માટે કોઇ અનૌપચારિક ક્રિયાત્મક કસોટી નક્કી કરી હોય તો તેમાં વિદ્યાર્થીએ કરેલાં કામને આધાર તરીકે રાખી શકાય , મૌખિક પ્રશ્નોત્તરી અથવા ક્યારેક સામુહિક અનૌપચારિક મૂલ્યાંકન વખતે આધાર ન હોય તો ચાલી શકે પણ મૂલ્યાંકન સાતત્યતાપૂર્ણ કરવામાં આવ્યું હોય તે જરૂરી છે . ઉદાહરણ તરીકે કોઇ એક અધ્યયન નિષ્પત્તિ માટે શિક્ષકશ્રી દ્વારા મૌખિક પ્રશ્નોત્તરી કરવામાં આવી હોય અને તેનાં આધારે રચનાત્મક પત્રક - A માં સિદ્ધિની નોંધ કરવામાં આવી હોય . હવે ફરીવાર જ્યારે અનૌપચારિક મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે અપવાદ અને સહજ અમુક વિદ્યાર્થી બાદ કરતાં બાકીનાં વિદ્યાર્થીઓ જવાબ આપી શકે તે આવશ્યક છે .

👉 પરિપત્ર ડાઉનલોડ કરો

માનનીય હરેશભાઈ ચૌધરી સાહેબનો રચનાત્મક મૂલ્યાંકન આધારિત વિડીયો જોવા અહી ક્લિક કરો

સંદર્ભ : Guidance on Continuous and Comprehensive Assessment (SCE) @ District Education and Training Bhavan, Sidsar – Bhavnagar

ધ્યાનમાં રાખવાની વાત : અહી આપેલ પત્રક A અને નીચે આપેલ પ્રશ્નો એ ફક્ત નમુના રૂપ છે શિક્ષક મિત્રો તમે તમારા ધોરણ માં વર્ગ ની પરિસ્થિતિ મુજબ અધ્યયન નિષ્પતિ માં બદલાવ કરી શકો છો..

શિક્ષણ સાગર એપ્લીકેશન ટીમ

# રચનાત્મક મુલ્યાંકન પત્રક　　વિષય - ગુજરાતી　　ધોરણ - ૮　　(દ્વિતીય સત્ર)

**શાળાનું નામ :**　　**તા.**　　**પત્રક :- A**　　**સને: 2022-23**

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | 11. વળાવી બા આવી | | 12. નવા વર્ષના સંકલ્પો | | 13. શરૂઆત કરીએ | 14. સાકરનો શોધનારો | 15. અખંડ ભારતના શિલ્પી | | 16. સુદામો દીઠા શ્રીકૃષ્ણદેવ રે ! | | 17. સંસ્કારની શ્રીમંતાઈ | 18. દુહા - મુક્તક - હાઇકુ | | 19. સાંઢ નાથ્યો | 20. બહેનનો પત્ર | | 21. કમાડે ચીતર્યા મેં | | 22. કિસ્સા - ટુચકા | | શિક્ષણ સાગર | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 8.1 વિવિધ સાહિત્ય-સ્વરૂપ સાંભળે છે, સમજે છે અને અભિવ્યક્ત કરે છે. | 8.2 પરિચિત પરિસ્થિતિમાં સંવાદ, ચર્ચા, વર્ણન, વિશ્લેષણ કરી પોતાના અભિપ્રાય વ્યક્ત કરે છે. | 8.10 આશરે 5000 જેટલા શબ્દો જાણે છે અને શબ્દકોશની મદદથી માન્ય જોડણીનો વ્યાવહારિક ઉપયોગ કરે છે | 8.11 સાંભળેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોનાં જવાબ લખે છે | 8.1 વિવિધ સાહિત્ય-સ્વરૂપ સાંભળે છે, સમજે છે અને અભિવ્યક્ત કરે છે. | 8.19 બિલ, રિપોર્ટ, રિસિપ્ટ વગેરેનો માહિતી માટે ઉપયોગ કરે છે | 8.8 વાંચેલા પુસ્તકોનો સારાંશ અને પુસ્તક-સમીક્ષા કરે છે. | 8.19 અનુભવેલી સાચી બાબતો અંગે ચિંતન કરી વિકટ પરિસ્થિતિમાંથી યોગ્ય ઉકેલ શોધીને લખે છે | 8.4 લોકગીતો, લોકસાહિત્યની કથાઓ, નાટકો, સ્થાનિક કક્ષાના સંવાદોની લેખિત રજૂઆત કરે છે. | 8.13 ટૂચકાઓ, કિસ્સાઓ, વાર્તાઓ, જાતે બનાવી ક્રમશઃ રજૂ કરે અને વ્યક્તિગત, જૂથમાં, પ્રશ્નોત્તરી જેવી તેમજ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રજૂઆત કરે છે | 8.1 વિવિધ સાહિત્ય-સ્વરૂપ સાંભળે છે, સમજે છે અને અભિવ્યક્ત કરે છે. | 8.12 વાંચેલી સામગ્રીમાંથી કાર્યકારણ સંબંધોને આધારે વધારે માહિતી મેળવવા માટે 'શા માટે?', 'કેવી રીતે?' જેવા પ્રશ્નોને સમજીને જવાબ આપે છે. | 15 કહેવતો, રૂઢિપ્રયોગ વગેરેનો અર્થ સમજે છે અને વ્યવહારમાં ઉપયોગ કરતાં શીખે છે. | 8.1 વિવિધ સાહિત્ય-સ્વરૂપ સાંભળે છે, સમજે છે અને અભિવ્યક્ત કરે છે. | 8.9 વિવિધ સામાજિક પરિસ્થિતિના સંદર્ભમાં મેળા, ઉત્સવોમાં ભાષામાં થતી રજૂઆતો સમજે છે. | 8.16 સ્વતંત્ર લેખન કરે છે | 8.3 રમતો, પ્રવૃત્તિઓ, મુલાકાત, ઇન્ટરવ્યૂ,પ્રોજેક્ટકાર્ય દ્વારા સમજ કેળવે છે. | 8.18 અનુભવેલી સાચી બાબતો અંગે ચિંતન કરી વિકટ પરિસ્થિતિમાંથી યોગ્ય ઉકેલ શોધીને લખે છે | 8.8 વાંચેલા પુસ્તકોનો સારાંશ અને પુસ્તક-સમીક્ષા કરે છે | 8.15 કહેવતો, રૂઢિપ્રયોગ વગેરેનો અર્થ સમજે છે અને વ્યવહારમાં ઉપયોગ કરતાં શીખે છે. | સત્રાંતે વિદ્યાર્થીઓએ મેળવેલ જે તે નિશાનીઓની કુલ સંખ્યા | | | ૪૦ માંથી મેળવેલ ગુણ |
| | | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | √ | ? | × | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

# 11. વળાવી બા આવી

**8.1 વિવિધ સાહિત્ય–સ્વરૂપ સાંભળે છે, સમજે છે અને અભિવ્યક્ત કરે છે.**

**પ્રશ્ન 1. નીચેની કાવ્યપંક્તિનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

1. નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઇ ગયાં.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન 2 શાળા–પુસ્તકાલયનાં પુસ્તકોમાંથી માતાને લગતી પંક્તિઓ શોધીને લખો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 8.2 પરિચિત પરિસ્થિતિમાં સંવાદ, ચર્ચા, વર્ણન, વિશ્લેષણ કરી પોતાના અભિપ્રાય વ્યકત કરે છે.

**પ્રશ્ન 3. નીચે આપેલાં વાકયો 'વળાવી બા આવી' કવિતાની કઇ પંક્તિનો અર્થ ધરાવે છે તે શોધીને લખો.**

1. પોતાના સંતાનો ધંધાર્થે દૂર દૂર વસેલા છે.

______________________________________________

______________________________________________

______________________________________________

2. અરધી વસ્તી ઓછી થઇ ગઇ, આખું ઘર શાંથ થઇ ગયું.

______________________________________________

______________________________________________

______________________________________________

3. આખા ઘરમાં વિરહ વ્યપેલો જોયો ને તે પગથિયે જ બેસી પડી.

______________________________________________

______________________________________________

______________________________________________

4. પોતાનાં બધાં સંતાનોને એક પછી એક વળવીને બા આવી.

______________________________________________

______________________________________________

______________________________________________

5. સવારે ભાભીનો ભર્યો પરિવાર લઇને ભાઇ ઊપડયા.

______________________________________________

______________________________________________

______________________________________________

શિક્ષણ સાગર

**પ્રશ્ન 4. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.**

1. વિધવા સ્ત્રીના નામ આગળ માનાર્થે વપરાતું વિશેષણ -

   ________________________

2. નવી પરણેલી સ્ત્રી -

   ________________________

3. પ્રિય વચન બોલનારી અને ધીમું-ધીમું હસતી –

   ___________________

4. પ્રીયજનોનો વિયોગ -

   ___________________

5. ઘરમાં પ્રસરેલું -

   ___________________

**પ્રશ્ન 5. "મા તે મા, બીજા બધા વગડાના વા" વિશે તમારા શબ્દોમાં વર્ણન લખો.**

________________________________________________________

________________________________________________________

________________________________________________________

________________________________________________________

# 12. નવા વર્ષના સંકલ્પો

**8.10 આશરે 5000 જેટલા શબ્દો જાણે છે અને શબ્દકોશની મદદથી માન્ય જોડણીનો વ્યાવહારિક ઉપયોગ કરે છે**

**1. તમે લીધેલા સંકલ્પોની યાદી બનાવો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**2. તમે લીધેલા સંકલ્પોમાંથી કોઈ એક સંકલ્પ પાળવાના ફાયદા જણાવો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન 3. સાચી જોડણીવાળો શબ્દ શોધીને લખો.**

1. નીયમીત, નિયમિત, નિયમીત
2. એન્જિન, એન્જીન, એંજીન
3. ધનુશ, ધનુસ, ધનુષ્ય
4. હરીફાઈ, હરિફાઈ, હરિફાય
5. પૂર્ણિમા, પૂર્ણિમા, પૂર્ણીમા

શિક્ષણ સાગર

## 8.11 સાંભળેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોનાં જવાબ લખે છે

**પ્રશ્ન 1. નીચેનો ફકરો વાંચો. ફકરાના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

નવા વર્ષના સંકલ્પો એટલે વહેલી પરોઢનું ઝાકળ બે ઘડી સંતોષ આપી પાછું ઊડી જવાનું, વૈશાનીની બપોરે જેમ વંટોળિયા જાગીજાગીને પાછા સૂઈ જાય છે અથવા શિયાળાની સવારે જગતના કો' અગમ્ય ખૂણેથી એકાદ શરદીનું મોજું આવી આપણો કબજો લઈ લે અને સિભર રડાવી-રડાવીને અંતે આવ્યું હતું એમ અનંતમાં ચાલ્યું જાય છે, કે પછી ઉસ્તાદના જલસામાં કોઈ સંગીત બરાબર જામ્યું હોય ત્યારે ઊંઘનું એકાદ ઝોકું આપણને પાવન કરીને, તબલાની પાછી એક જબરદસ્ત થાપે આપણને ચમકાવીને ભાગી જાય છે, એમ આત્મસુધારણાના ઉત્સાહનું મોજું પણ દર બેસતા વર્ષે આવે છે અને આવીને પાછું ઊડી જાય છે. વર્ષને આરંભે હોય છે એટલા ગીતાભક્તો બીજા અગિયારે મહિનામાં નથી હોતા, બેસતા વર્ષને બીજે અઠવાડિયે હોય છે, એટલા સંયમી જનો બાકીના વર્ષભરમાં ક્યારેય જણાતા નથી, તે આ કારણે જ.

1. **'વહેલી પરોઢનું ઝાકળ' એટલે શું ?**

______________________________________________

______________________________________________

______________________________________________

2. **નવા વર્ષના સંકલ્પને વૈશાખના વંટોળિયાની સાથે કેમ સરખાવ્યું છે ?**

______________________________________________

______________________________________________

______________________________________________

3. **શિયાળામાં શરદી આપણા શરીર પર પકડ જમાવે છે. આ વાક્યને લગતો રૂઢિપ્રયોગ ફકરામાંથી શોધીને લખો.**

______________________________________________

4. **"નિરુત્સાહ" શબ્દનો વિરોધી શબ્દ ફકરામાંથી શોધીને લખો.**

______________________________________________

5. **નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો ફકરામાંથી શોધ લખો.**

પવિત્ર - ______________ ઉત્સવ - ________________

**પ્રશ્ન 2. તમે સાંભળેલ કે વાંચેલ વિનોદી પ્રસંગનું વર્ણન લખો.**

# 13. શરૂઆત કરીએ

**8.1 વિવિધ સાહિત્ય–સ્વરૂપ સાંભળે છે, સમજે છે અને અભિવ્યક્ત કરે છે.**

**પ્રશ્ન 1 કાવ્યના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો**

1. ગઝલ વિશે તમે શું જાણો છો ?

_______________________________________________

_______________________________________________

2. નવી શરૂઆત બાબતે કવિ શું કહે છે ?

_______________________________________________

_______________________________________________

3. પોતાની જાત બદલવા વિશે કવિ શું કહે છે ?

_______________________________________________

_______________________________________________

4. આવનારી કાલને શું નજરાણું આપવાની કવિ વાત કરે છે ?

_______________________________________________

_______________________________________________

**પ્રશ્ન 2. નીચેની કહેવતનો અર્થ સમજાવો.**

**"હિંમતે મર્દા તો મદદે ખુદા"**

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

શિક્ષણ સાગર

શિક્ષણ સાગર

# 14. સાકરનો શોધનારો

## 8.19 બિલ, રિપોર્ટ, રિસિપ્ટ વગેરેનો માહિતી માટે ઉપયોગ કરે છે

પ્રશ્ન 8. નીચેની જાહેરાત વાંચો, સમજો અને પ્રશ્નોના જવાબ આપો.

કોમેડી, રહસ્ય અને મસ્તીથી ભરપૂર ગુજરાતી નાટક

**ધીંગામસ્તી**

**સમય :** દરરોજ રાત્રે 9 કલાકથી

**સ્થળ :** સરકારી નાટ્યગૃહ. હિંમતનગર

(ટિકિટનો દર : ગોલ્ડન – રૂ 200/ સિલ્વર – રૂ 100/ ગેલેરી રૂ

________________________________________

________________________________________

2. અશોક પાસે 100 રૂપિયા છે તો તે કઈ કઈ ટિકિટ લઈ શકશે ?

________________________________________

________________________________________

3. આ જાહેરાતમાં ક્યા ક્યા લૉનવર્ડ્સ વપરાયા છે ?

________________________________________

________________________________________

4. તસ્લીમા હિંમતનગરમાં સાંજે 6 વાગ્યા સુધી રોકાવાની છે શું તે નાટક જોઈ શકશે? કેમ ?

________________________________________

________________________________________

5. આ નાટકમાં કરુણ પ્રસંગો નહીં હોય એવું શા પરથી કહી શકાય ?

________________________________________

________________________________________

# 15. અખંડ ભારતના શિલ્પી

**8.8 વાંચેલા પુસ્તકોનો સારાંશ અને પુસ્તક–સમીક્ષા કરે છે.**

**પ્રશ્ન 3. તમે ઘણાં પુસ્તકો વાંચ્યાં હશે. તે પૈકી કોઈપણ એક પુસ્તક વિશે માગ્યા મુજબ લખો.**

- પુસ્તકનું નામ
- લેખકનું નામ
- કિંમત
- પ્રકાશન
- વિષય
- પાત્રો

**તમે વાંચેલા પુસ્તકની કઈ બાબત, ઘટના, વર્ણન તમને ગમ્યાં?**

______________________________

______________________________

______________________________

**8.19 અનુભવેલી સારી બાબતો અંગે ચિંતન કરી વિકટ પરિસ્થિતિમાંથી યોગ્ય ઉકેલ શોધીને લખે છે**

**1. પ્રશ્ન 8. તો તમે શું કરશો ?**

**1. તમે રમતાં રમતાં પડી જાઓ છો ને લોહી નીકળે છે.**

______________________________

______________________________

**2. તમે અમે તમારો મિત્ર શાળાએ સાઈકલ લઈને ગયા છો. રસ્તે જતાં તમારા મિત્રની સાઈકલમાં પંક્ચર પડે છે.**

______________________________

______________________________

**3. તમે વાંચવા બેઠા છો. તે સમયે તમારો મિત્ર તમને રમવા બોલાવે છે.**

______________________________

______________________________

શિક્ષણ સાગર

# 16. સુદામો દીઠા શ્રીકૃષ્ણદેવ રે !

**8.4 લોકગીતો, લોકસાહિત્યની કથાઓ, નાટકો, સ્થાનિક કક્ષાના સંવાદોની લેખિત રજૂઆત કરે છે.**

**પ્રશ્ન 1. પાત્રોના મુખે બોલાયેલા બે બે સંવાદો ગવસ્વરૂપે લખો.**

1. દાસી
   1. ________________________________________
   ________________________________________
   2. ________________________________________
   ________________________________________

2. શ્રીકૃષ્ણ
   1. ________________________________________
   ________________________________________
   2. ________________________________________
   ________________________________________

3. સત્યભામા
   1. ________________________________________
   ________________________________________
   2. ________________________________________
   ________________________________________

**8.13 ટૂચકાઓ, કિસ્સાઓ, વાર્તાઓ, જાતે બનાવી ક્રમશ: રજૂ કરે અને વ્યક્તિગત, જૂથચર્ચા, પ્રશ્નોતરી જેવી તેમજ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રજૂઆત કરે છે.**

**પ્રશ્ન 2. નીચેનાં વાક્યોમાંના રેખાંકિત શબ્દસમૂહો માટે એક શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો.**

ઉદા. રુક્મણિ શ્રીકૃષ્ણના પગને ધીમેધીમે ચંપી કરી રહ્યાં હતાં.

રુક્મણિ શ્રીકૃષ્ણના પગને તળાંસી રહ્યાં હતાં.

1. સત્યભામા કટાક્ષમાં બોલનારી પટરાણી હતી.

______________________________________________

______________________________

2. દર્શકો સાંભળવાના રસમાં મગ્ન હતા.

______________________________________________

______________________________

શિક્ષણ સાગર

# 17. સંસ્કારની શ્રીમંતાઈ

**8.1 વિવિધ સાહિત્ય–સ્વરૂપ સાંભળે છે, સમજે છે અને અભિવ્યક્ત કરે છે.**

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. સંસ્કારની શ્રીમંતાઈ એકમમાંથી તમે કયું પાત્ર સૌથી વધુ ગમ્યું ? કેમ ?

______________________________________________

______________________________

2. જગમોહનની જગ્યાએ તમે હોત તો શું કરત ?

______________________________________________

______________________________

3. જગમોહન થોડાં વર્ષોમાં બધું ખોઈ બેઠા. બધુ એટલે શું શું ?

______________________________________________

______________________________

4. 'કર્તવ્યભાવના એટલે જ શ્રીમંતાઈ' એવું શાને આધારે કહેવાયું હશે ?

______________________________________________

______________________________

# 18. દુહા–મુક્તક–હાઈકુ

**8.12 વાંચેલી સામગ્રીમાંથી કાર્યકારણ સંબંધોને આધારે વધારે માહિતી મેળવવા માટે 'શા માટે?', 'કેવી રીત?' જેવા પ્રશ્નોને સમજીને જવાબ આપે છે.**

**પ્રશ્ન 1. તમે વાંચેલા કોઈ એક પુસ્તકની સમીક્ષા લખો.**

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન 2. નીચે આપેલ શબ્દોની જોડણી સુધારી વાક્યપ્રયોગ કરો.**

1. કીજિયે ____________________

______________________________________________

2. પીંછિ ____________________

______________________________________________

3. કલપના ____________________

______________________________________________

4. કવયિત્રિ ____________________

______________________________________________

**8.15 કહેવતો, રૂઢિપ્રયોગ વગેરેનો અર્થ સમજે છે અને વ્યવહારમાં ઉપયોગ કરતાં શીખે છે.**

**પ્રશ્ન 1. નીચેના દુહાનો વિચારવિસ્તાર કરો.**

ગુણની ઉપર ગુણ કરે, એ તો વેવારો વટ્ટ,<br>
અવગુણ ઉપર ગુણ કરે, ખરી ખટિયાં વટ્ટ

**પ્રશ્ન 2. નીચેના મુક્તકનો વિચારવિસ્તાર કરો.**

સૂકાં પર્ણો વન ગજવતાં,
શાંત લીલાં સદાયે.

# 19. સાંઢ નાથ્યો

## 8.1 વિવિધ સાહિત્ય–સ્વરૂપ સાંભળે છે, સમજે છે અને અભિવ્યક્ત કરે છે.

**પ્રશ્ન 1. દાદા–દાદી, શિક્ષક કે અન્ય વડીલ પાસેથી સાંભળેલી સાહસકથાનો તમને પસંદ આવેલો પ્રસંગ લખો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન 2. નીચેનાં વિધાનો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો.**

1. "મને તમારી દયા આવે છે. નહિ તો હું હમણાં હડકલો નાખી દઉં."

______________________________________________

________________________

2. "અમારી દયા ?"

______________________________________________

________________________

3. "બેટા ! પુરુષથી ન થાય તે કામ આજ તેં કર્યું?

______________________________________________

________________________

4. "તમે પુરુષ દેખતા હો તો – હું તો કોઈને પુરુષ દેખતી નથી."

______________________________________________

________________________

**પ્રશ્ન 3. "સાંઢ નાથ્યો પાઠમાં ચંદાના ક્યા ગુણોએ તમને આકર્ષ્યા ? શા માટે?**

______________________________________________

______________________________

______________________________________________

______________________________

શિક્ષણ સાગર

# 20 - બહેનનો પત્ર

**8.9 વિવિધ સામાજિક પરિસ્થિતિના સંદર્ભમાં મેળા, ઉત્સવોમાં ભાષામાં થતી રજૂઆતો સમજે છે.**

**પ્રશ્ન:–1 તમે ગયેલા મેળામાં તમે શું શું જોયું તે લખો.**

**પ્રશ્ન:–2 તમે ગયેલા મેળામાં તમે આજુબાજુ ફેરીયા,દુકાનવાળા, અને અન્ય વ્યક્તિઓના સાંભળેલ અવાજ વિષે વર્ણન કરો.**

**8.16 સ્વતંત્ર લેખન કરે છે**

**પ્રશ્ન 3. તમારી દિનચર્યા લખો.**

**પ્રશ્ન 4. 'બહેનનો પત્ર' જેવો અન્ય પત્ર તમે તમારા બાપુજીને લખો.**

પૂજ્ય બાપુજી,

# શિક્ષણ સાગર

**આવું તમામ ધોરણનું વિષય વાઈઝ અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રશ્નો માટે નીચે આપેલ ધોરણ સામે ક્લિક કરો.**

ધોરણ – ૩ CLICK HERE


ધોરણ – ૪ CLICK HERE

ધોરણ – ૫ CLICK HERE

ધોરણ – ૬ CLICK HERE

ધોરણ – ૭ CLICK HERE

ધોરણ – ૮ CLICK HERE





shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

# SHIKSHAN SAGAR
## ( શિક્ષણ સાગર )
## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION